12 ઊમૂર ન્યૂઝલેટર


# સિલ્કે હયાત

## સિઝન ૨, અંક 4 , ગુજરાતી

શેહરે રજબુલ અસબ- શેહરૂલ્લાહિલ મોઅઝ્ઝમ હી. સ. 1444

راہِ عزو جاہ پر چلتی رہے یہ جامعہ
کوہِ حلم و رفق پر چڑھتی رہے یہ جامعہ

باغِ یُمن و خیر میں کِھلتی رہے یہ جامعہ
آبِ علم و فن سے بس پھلتی رہے یہ جامعہ



અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલના સાહ્ત મા અલ જામેઊલ અનવર ના મીઝનત (મિનારા) લેવામા આયા છે.

અલ જામેઊલ અનવર ના મીઝનત ને અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલમા દેખી ને અઇમ્મત ફાતેમીયીન સ. અ. ના મિસર ની તારીખ તાઝા થઈ જાઈ છે. જે મિસર અઇમ્મત ફાતેમીયીન સ. અ. ના ઈલમ અને સકાફત નૂ મરકઝ રહ્યૂ છે – જે આજે અલ જામેઆ તુસ સૈફીયાહ છે.

# ખ્વાબની હકીકતમા તબદીલી- અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલ



શેખ જૂઝરભાઇ ચાવાલા | અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલના Chief Architect

**અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલના Construction માં આપનો અહમ Role રહ્યો છે, આ શરફ હાસિલ થાવા સબબ આપના સું તાસ્સૂરાત છે?**

મમ્લૂકે સૈયદના ત.ઉ.શ. ને જમેઆ સૈફીયાહમા તાલીમનુ શરફ હાસિલ નથી થયુ, મગર આ જામેઆ સૈફિયાહ મરોલના **Construction** મા ખિદમત નસીબ થઇ છે- જે જામેઆની બિનામા અને એહની ફઝામા દાઅવતે હાદીયાહ ના ખિદમત ગુઝારો તય્યાર થાસે.

આ મિસલ જે જગહ દાઅવતે હાદીયાહ વાસ્તે ઇત્ની અહમીયત રાખે છે એહના **Construction** મા શામિલ થાવુ મારા વાસ્તે અઝીમ શરફ છે અને જહાં લગ આ બિના રહસે વહાં લગ મને એહનુ સવાબ મિલ્તુ રહસે ઈન્શા અલ્લાહો તઆલા. અલહમ્દો લિલ્લાહ શુક્રન લિલ્લાહ.

**ઇત્ના મોહટા Project ને તમામીયત લગ પોંહચાવામા સું challenges પેશ થયા?**

જામેઆ સૈફીયાહ મરોલની બિનાને ૧૦ સાલની મુદ્દતમા તૈયાર કરવામાં આવી, યે દૌરાન ઘના **Challenges** આયા,

જેમકે: જામેઆ સૈફીયાહની તમામ ઝરૂરિયાત ને મેહદૂદ મુઐયન જગામા સમાવવુ, અને તે સાથ બિના ખૂબીદાર અને નાયાબ તૈયાર થાય એમ ખયાલ રાખવુ. યેજ મિસલ જામેઆ સૈફીયાહ જે જગામા છે યે ઝમીન એક **Level** મા નથી, **Slope** ના મદ્દે નઝર બિનાની **Design** ને તૈયાર કરવુ.

બિનાની **Planning** ની વક્ત એમ ફૈસલો લેવામા આયો કે તમામ બિના કિબ્લા રૂખ હોવી જોઇએ. આ ચીઝને ખયાલ રાખીને **Design** તૈયાર કરવુ ભી મોહટુ **Challenge** હતુ.

આ મિસલ **Limited** જગામા જામેઆ સૈફીયાહના મજદના મુવાફિક અને મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. ની નઝરાત અને દુઆ મુબારકનો નતીજો છે.

**જામેઆ સૈફીયાહનુ Construction બીસરી ઇમારતોના Construction કરતા કઇ તરહ અલગ હતુ?**

આમ તૌર પર કોઇ ઇમારત તૈયાર કરવામા આવે છે તો એહનાસી કિત્નુ **Profit** મિલસે યે ખયાલ રાખવામા આવે છે, અને એહના મદ્દે નઝર ઇમારતમા ખર્ચ કરવામા આવે છે. યેજ મિસલ ઇમારતની ગરઝ આમ્મતન એમ હોય છે કે દુનિયાના જુદા જુદા **Aspect** મા રાહત અને સુકૂન હાસિલ થાય. મગર જામેઆ સૈફીયાહને તૈયાર કરતી વક્ત એમ ખયાલ રાખવામા આયો કે કઇ તરહ એહવી મબાની તૈયાર થાય જેમા જામેઆ સૈફીયાહના તલબતના નુફૂસ તૈયાર થઇ સકે અને તે સાથ દુનિયાના જુદા જુદા **Aspect** મા રાહત અને સુકૂન રહે.

તેસીજ જામેઆ સૈફીયાહની મબાનીમા ઇત્ની બારીકીસી હરએક **Design** અને કારીગરી કરવામા આવી છે અને એહવી ફઝા કાઇમ કરવામા આવી છે કે જેનો અસર યે જામેઆમા રેહનાર જામેઆ સૈફીયાહના તલબતના નુફૂસ પર પડે.

આ મિસલ જે વક્ત દુનિયાની ગરઝ ન રાખીને ફક્ત તલબતુલ ઇલ્મના બારામા ખયાલ કરીને મબાની તૈયાર કરવામા આવી તો એહમા એક નિરાલી ખૂબી આવી.

## જામેઆ સૈફીયાહ મરોલમા કઇ જદીદ અને **Unique Technology** નો ઇસ્તેમાલ કરવામા આયો છે?

જામેઆ સૈફીયાહમા **BMS (Building Management System)** નો ઇસ્તેમાલ કરવામા આયુ છે, એહના સબબ જામેઆ સૈફીયાહમા આવનાર હર શખ્સનુ **Movement** સહલ થઇ જાય છે, એહમા એક ચીઝનો ખાસ ખયાલ રાખવામા આયો છે. કે તલબત અને તાલેબાત જામેઆની હર **Facility** ને ઇસ્તેમાલ કરી સકે અને સાથે જે પર્દા અને લિહાઝ લાઝિમ છે યેભી જલવાઇ રહે.

તે સાથ જામેઆ સૈફીયાહની મબાનીને મરોલના મૌસિમ, ધૂપ, બારિશ, હવા વગૈરાના મદ્દે નઝર મેહફૂઝ અને **Sustainable** બનાવામા આયુ છે.

જામેઆના **Auditorium** મા એહવી **Facility** મુહય્યા છે કે મરોલસી તીને જામેઆ **Connect** કરી સકે.

તમામ મબાનીને એહવી તરહ બનાવામા આવી છે કે **Future** માં કોઇભી કિસમની **Technology** લાવી હોય તો એહને લાવી સકાઇ છે.

## સું તમે જાનો છો?
## અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલના બારામા નાયાબ માલૂમાત











૧. અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલની મસ્જિદને જામેઆ અઝહર- મિસરના model પર બનાવામા આવી છે.

૨. અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલના ઇવાને બુરહાનીમા કઈંક ઝખારિફ- designs ઉજ્જૈનમા 3 દુઆત મુત્લકીન રિ.અ. ના કુબ્બા મુબારકાસી લેવામા આવી છે.

3. અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલમા મઅહદૂઝઝહરા, ઈવાને બુરહાની અને મસ્જિદે ઝહરા એકજ passage સી જોડાયુ હુવુ છે, જેના સબબ સગલી જગા Continuously જઇ સકાય, આ મિસલની બિના ઇલ્મ, કુર્આન મજીદ અને ઇબાદતના દરમિયાનનો તસલસુલ અને જોડાન પર દલાલત કરે છે.

૪. અલ જામેઆ તુસ સૈફીયાહ મરોલના સાહતમા Step Garden બનાવામા આયુ છે, જેમા ૧૧ Steps છે, જે જામેઆ સૈફીયાહના ૧૧ દરજાહ તરફ ઇશારો કરે છે.

# ૧૦ મવાઝે - જેમા ૧૨ ઉમૂરના ઇમ્તેહાનમા ઝિયાદાસી ઝિયાદા મુમિનીન શામિલ થયા

મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. યે કરમ ફરમાવીને આ સાલ ૧૨ ઉમૂરના ખિદમત ગુઝારો મુમિનીનને પોતાના મૌઝેમા ૧૨ ઉમૂરના ઇમ્તેહાનમા શામિલ થાવાની રઝા મુબારક ફરમાવી. ૧૨ ઉમૂરના તહત ખિદમત કરનાર મુમિનીનયે ૮ મી શેહરે રજબુલ અસબ પોતાના મૌઝેની મસ્જિદ/મરકઝમા ૧૨ ઉમૂરનુ ઇમ્તેહાન આપુ.

જે મવાઝેમા ઝિયાદાસી ઝિયાદા મુમિનીન આ ઇમ્તેહાનમા શામિલ થયા- યે નીચે મુતાબિક list મા લેવામા આયા છે.

| જુમ્લા મવાઝે | જુમ્લા મુશ્તરેકીન |
|---|---|
| ૪30 સી ઝિયાદા | ૭૧00 કરતા ઝિયાદા |

| | | |
|---|---|---|
| 1 | INDORE | 111 |
| 2 | JAMNAGAR | 92 |
| 3 | HASANJI NAGAR (PUNE) | 63 |
| 4 | BURHANI NAGAR (BHOPAL) | 63 |
| 5 | HOUSTON | 62 |
| 6 | TAHERI MOHALLA (KARACHI) | 61 |
| 7 | MOHAMMEDIYAH (GALIYAKOT) | 60 |
| 8 | DARESSALAM | 53 |
| 9 | POONA | 52 |
| 10 | NAGPUR | 50 |

# આલમે ઈમાનસી ૧૨ ઉમૂરની એક ઝલક



Amazon Boot Camp

## DALLAS

ઉમૂર ઈકતેસાદિયાહ Dallas યે 2 દિન વાસતે Amazon boot camp મુરત્તબ કીદો. એહમા નાહના સકેલ ના business ને Amazon પર કઈ તરહ large scale પર લાવી સકાઈ છે એહના મુતાલ્લિક ઝિકરો થઈ.






શેખ તાહા શેખ ફખરૂદ્દીન ભાઈ જમાલી



મવાકીત દીનીયાહનો Data

## અબ્બાસીયાહ કુવૈત



તમામ મવાકીત દીનીયાહ પર મુમિનીનનો Scanned data _ Analyze કરવામા આવે છે, જેના સબબ કોઇયે Register નોહતુ કરાયુ મગર હાઝિર થયા, કૌન Register કરાવીને ન હાઝિર થયુ અને યે મિસલનો Data હાસિલ થાય છે.

મુલ્લા શબ્બીરભાઈ સીમારીવાલા

# આલમે ઈમાનસી ૧૨ ઉમૂરની એક ઝલક



## સૈફી બુરહાની Sports Olympiad
### CHITTAGONG, BANGLADESH






મૌલાનલ મીનઆમ ત.ઉ.શ. ના ૮૦ મા મીલાદ મુબારકના મૌકે પર community health awareness વાસ્તે ઉમૂર સેહતના ખિદમત ગુઝારો અને તોલોબાઉલ કુલ્લીયાતિલ મુમેનૂનયે સૈફી બુરહાની Sports Olympiad ના competitions મુરત્તબ કીદો (carrom, walkathon, gully, cricket, futsal, badminton, table tennis) તમામ ઉમ્રના મુમિનીન આ પ્રોગ્રામમા શામિલ થયા. એહમા ઘના મુમિનીનયે એમ ભી અઝમ કીધો કે મૌલાનલ મિનઆમના ફરમાન મુતાબિક મુહર્રમાતસી દૂર રેહસે.

અલીઅસગરભાઈ કાપડીયા, ઉમૂર સેહત, મેમ્બર



## બુઝુર્ગો વાસ્તે Outing પ્રોગ્રામ
### ફાતેમી મોહલ્લાહ- પૂના

ઉમૂર મરાફીક બુરહાનીયાહ અને અલ અકીકના ખિદમત ગુઝારો યે બુઝુર્ગોની તફરીહ વાસ્તે એક Reputed Restaurant મા outing મુરત્તબ કીધી. બુઝુર્ગો વહાં જમન જમા અને games રમીને લુત્ફ અંદોઝ થયા, કઇંક બુઝુર્ગો ઘના વરસો બાદ આ મિસલ બાહર ગયા.





મુલ્લા શબ્બીરભાઈ ભાભા, ઉમૂર મરાફિક બુરહાનિયાહ Coordinator

# આલમે ઈમાનસી ૧૨ ઉમૂરની એક ઝલક



## મુહર્રમાત મુતાલ્લિક બરનામજ

### થાના

મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. યે અદ્દાઇલ અજલ સૈયદના નૂર મોહમ્મદ નૂરૂદ્દીન રિ.અ. ના ઉર્સ મુબારકના મીકાત પર મુહર્રમાત મુતાલ્લિક જે ઇર્શાદાત ફરમાયા એહની રોશનીમા સ્કુલ અને college જાનાર ફરઝંદોનો એક અહમ ઇજતેમા રાખવામા આયો, યે ઇજતેમામા વાલેદૈનને ભી બુલાવામા આયા, અને સગલાને મુહર્રમાતસી દૂર રેહવા બાબત તાકીદ કરવામા આવી.







શબ્બીરભાઈ વોહરા, Coordinator



## રાસુલ હુસૈન સ.અ ની તારીખ પર મારઝ


### તાંગા




ઈમામ હુસૈન સ.અ ના રાસ મુબારક મિસર મા નકલ થયા – અને તે પેહલા રાસુલ હુસૈન સ.અ ની સૂ તારીખ છે – તે પર મારઝ તય્યાર કરવા મા આયો.

હાશિમ ભાઈસહેબ અબીઝર ભાઈસહેબ મુઈની


# SILK-E-HAYAAT ARCHIVES





Season 2 Edition 3





Season 2 Edition 2





Season 2 Edition 1





Season 1 Edition 13





Season 1 Edition 12




Season 1 Edition 11




Season 1 Edition 10




Season 1 Edition 9




Season 1 Edition 8

الموارد البشرية
جماعة المؤمنين
HUMAN RESOURCES

سلك حيوة
SILK-E-HAYAAT